ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૩૮.૦ ડીગ્રી
લઘુતમ : ૨૩.૫ ડીગ્રી
ભેજ
સવારે ૭૭ ટકા ● સાંજે ૬૯ ટકા

# ચિલોડા નજીક હાઈવે પર ગ્રામજનોનો ચક્કાજામ

**ખખડધજ માર્ગને રીપેર કરવાની માંગ : તંત્રની લાપરવાહીથી અનેક નિર્દોષોના લોહી રેડાયા : જામમાં ફસાયેલા વાહનચાલકોએ પણ આંદોલનને ટેકો જાહેર કર્યો**







ચિલોડા, તા.૧૩

ચિલોડાથી હિંમતનગર તરફના નેશનલ હાઈવે નં. ૮ની હાલત હાડપિંજર જેવી બની ગઈ છે. અખબારી અહેવાલોની પ્રસિધ્ધિ છતાં તંત્રએ ગંભીર બેદરકારી દાખવી છે જે કારણે વારંવાર અકસ્માત સર્જાય છે. જેમાં અનેક નિર્દોષોનો મોત નિપજયા છે. આ માર્ગ ઉપર સૌથી વધુ અકસ્માત ચિલોડા નજીકના ધણપ ગામ પાસે થયા છે અને ત્યાં જ માર્ગની હાલત સૌથી વધુ ખરાબ છે. તંત્રને વારંવારની રજુઆત છતાં માર્ગ સુધારણા હાથ ન ધરાતા છેવટે ધણપ ગામના ગ્રામજનોએ હાઈવે પર આજરોજ રસ્તા રોકી આંદોલન કરી ચક્કાજામ કરી દઈ તંત્રને ઢંઢોળવાનો પ્રયાસ કર્યો હતો જેને જામમાં ફસાયેલા વાહનચાલકોએ પણ ભરપૂર સાથ આપ્યો હતો.

આજીવન રોડટેક્ષ, ટોલટેક્ષ અને અન્ય ટેક્ષ ભરતા વાહનચાલકોને માર્ગ સુવિધા આપવામાં તંત્ર એ લાપરવાહી દાખવી હોવાનું સ્પષ્ટ હાલ ચિલોડા-હિંમતનગર વચ્ચેના નેશનલ હાઈવે નં. ૮ની ખખડધજ સ્થિતિ ઉપરથી જણાયું છે. માર્ગની ખરાબ હાલતથી અનેક નિર્દોષો અકસ્માતનો ભોગ બની મોતને ભેટયા છે. જેમાં હાઈવે ઉપરના ધણપ ગામ નજીકના માર્ગની સ્થિતિ સૌથી વધુ ખરાબ બની છે. છેલ્લા એક માસ દરમિયાન જ ચાર જેટલા લોકો મોતને ભેટયા છે. જે માટે તંત્રએ આજ દિન સુધી કોઈ જ પગલાં ન લેતાં છેવટે કંટાળેલા ધણપના ગ્રામજનોએ આજે સવારે હાઈવે ઉપર રસ્તા રોકો આંદોલનનું રણશિંગુ ફુંકયું હતું. જેમાં બંને તરફના વાહનોને અટકાવી દીધા હતા. જેથી માર્ગ ઉપર વાહનોનો ખડકલો થઈ ગયો હતો. જો કે વાહનચાલકોએ પણ આ જામને યોગ્ય ઠેરવી તંત્ર વિરૂધ્ધ બળાપો ઠાલવતા હતા. ગ્રામજનોએ લગભગ બે કલાક સુધી સુત્રોચ્ચાર કરી તંત્રનું ધ્યાન દોરવાનો પ્રયાસ કર્યો હતો.

દરમિયાન ચિલોડા પોલીસે આવી સમજાવટ હાથ ધરી હતી અને નેશનલ ઓથોરીટીને જાણ કરી હતી. જેમાં ઓથોરીટીએ ટુંક સમયમાં માર્ગને પેવર કરવાની ખાત્રી આપતા આંદોલન સમેટાયું હતું. વારંવાર અને દર વર્ષે હાઈવેની આ સ્થિતિ સર્જાય છે જેથી ગ્રામજનોએ એજન્સી બદલવાની પણ માંગ કરી છે.

# સે-૨૪ પાસે આંગડીયા પેઢીના ૬૨ વર્ષીય 'ડીલીવરી બોય' લુંટાયા

**રૂ.૪.૫૮ લાખ રોકડ ભરેલી બેગ આંચકીને બાઈક પર આવેલા બે લુંટારૂઓ ફરાર : રમેશકુમાર અંબાલાલ આંગડીયા પેઢીના આ કર્મચારી કેશ ભરેલી બેગ અમદાવાદની પેઢીમાં જમા કરાવવા જતા હતા**

ગાંધીનગર, તા.૧૩

શહેરના સેકટર-૨૪ ડબલડેકર ખાતે મહારાજ કોમ્પ્લેક્ષમાં આવેલી રમેશકુમાર અંબાલાલ આંગડીયા પેઢીમાં ૨૭ વર્ષથી ડીલીવરી બોય તરીકે ફરજ બજાવતા ૬૨ વર્ષીય વૃદ્ધ કર્મચારી ગઈ સાંજે કેશ ભરેલી બેગ અમદાવાદ પેઢીમાં જમા કરાવવા નીકળ્યા હતા. સે-૨૪ ચોકડી નજીક વાહનની રાહ જોઈને ઉભેલા આ વૃદ્ધ કર્મચારી પાસેથી રૂ. ૪.૫૮ લાખ રોકડ ભરેલી બેગ આંચકીને બાઈક પર આવેલા બે શખ્સો રફફુચક્કર થઈ જતા ચકચાર મચી જવા પામી છે. લુંટ દરમિયાન પડી ગયેલા વૃદ્ધ કર્મચારી ઘાયલ થતા હોસ્પિટલ લઈ જવાયા હતા. આ મામલે વૃદ્ધ કર્મચારીની ફરિયાદને આધારે સે-૨૧ પોલિસે લુંટનો ગુનો દાખલ કરીને ઝીણવટભરી તપાસ શરુ કરી છે.

મળતી માહિતી મુજબ શહેરના સે-૨૪ ડબલડેકર ખાતે પ્લોટ નં. ૧૧૯ મહારાજ કોમ્પ્લેક્ષમાં આવેલી રમેશકુમાર અંબાલાલ આંગડીયા પેઢીમાં વર્ષ ૧૯૯૦થી ડીલીવરી બોય તરીકે ફરજ બજાવતા અને મજરા ખાતે રહેતા ૬૨ વર્ષીય ધનાજી માધાજી રાઠોડને પેઢીના મહેતાજી રાજેશભાઈ પટેલે ગઈ સાંજે રૂ. ૪.૫૮ લાખ ભરેલી બેગ અમદાવાદ ખાતેની પેઢીમાં જમા કરાવવા આપી હતી. સાંજે સવા પાંચ વાગ્યાના અરસામાં ધનાજી રૂપિયા ભરેલી બેગ લઈને ઓફીસથી બહાર નીકળ્યા અને ચાલતા ચાલતા સે-૨૪ ચોકડી તરફ અમદાવાદ જવાનું વાહન પકડવા ગયા હતા. તે દરમિયાન સે-૨૪ ચોકડી તરફથી રોંગ સાઈડમાં એક કાળા રંગનું બાઈક તેમની નજીક આવ્યું જેમાં બે યુવાનો બેઠા હતા અને તે પૈકી એકે ધનાજીના ખભે લટકાવેલી રૂપિયા ભરેલી બેગ આંચકી લેતા ધનાજી પડી ગયા હતા. બેગનો પટ્ટો તુટી જતા લુંટારુંઓના હાથમાં બેગ આવી ગઈ હતી અને પળવારમાં તો રૂ. ૪.૫૮ લાખ કેશ ભરેલી બેગ ધોળે દિવસે લુંટીને બાઈક પર આવેલા બંને લુંટારુઓ ફરાર થઈ ગયા હતા. પડી ગયેલા ધનાજીને જમણા હાથે હથેળીમાં ઈજાઓ થતા હોસ્પિટલ લઈ જવાયા હતા. સે-૨૧ પી.આઈ. જતીન પ્રજાપતિએ ધનાજી રાઠોડની ફરિયાદ આધારે લુંટનો ગુનો નોંધી ઉંડી તપાસ શરુ કરી છે. સર્કલોના સીસીટીવી કેમેરા તપાસ કરવાની કામગીરી ચાલી રહી છે પરંતુ હજુ સુધી કોઈ મહત્વની કડી મળી શકી નથી. નોંધનીય બાબત એ છે કે બે વર્ષ પહેલા પટેલ રાજેશકુમાર અમૃતલાલ આંગડીયા પેઢીના કર્મચારીઓ સે-૨૪ થી સે-૨૬ તરફ જઈ રહ્યા હતા ત્યાર ચાલુ વાહને લુંટાયા હતા. તે ઘટનાનો પણ ભેદ હજુ પોલિસ ઉકેલી શકી નથી.



## દિવાળીમાં હું પણ મારું ઘર સજાવીશ

દિવાળી આવી એટલે તમામ ગૃહિણીઓ પોતાનું ઘર સાફસૂફ કરી ચોખ્ખું કરી નવેસરથી સજાવવામાં વ્યસ્ત બની છે. દરેકના હૈયે દિવાળીનો ઉમંગ અને કામમાં ઉત્સાહ છે અને કેમ ના હોય, દિવાળી જો આવી છે. દિવાળી એટલે નાવિન્ય તરફ ગતિ કરવાનું પર્વ, જુની ઘરેડમાં ઘસડાતી જીંદગીને નવી દિશા આપવાનું પર્વ. વેપારીઓ પોતાની દુકાન કે શો રૂમને સજાવે, નોકરિયાત પોતાની નોકરી કરવાની બેઠકને સજાવે, બાળકો પોતાના સ્ટડી ટેબલને નવેસરથી ગોઠવે એવો વણકહ્યો ઉમંગ સૌને હૈયે વર્તાય એટલે દિવાળી આવી સમજો. ગાંધીનગર જેવા હરિયાળી વનરાજી ધરાવતા શહેરમાં તો નાના મોટા અબોલ પશુ પંખીઓ સાથે માનવી વસવાટ કરે છે. અને માનવી એ જાણે આ પશુપંખીઓને પણ પોતાનો રંગ લગાડયો છે. શહેરના સેકટર-૧૧માં એક ચાની કિટલી પાસેના વૃક્ષ સાથે ચાવાળાએ છાંયડા માટે કપડું બાંધ્યું હતું. આ છત્ર જે સુતળી સાથે બાંધ્યુ હતું તે સુતળીને એક નાનકડી નટખટ ખિસકોલી પોતાના કુદરતી હાથોની કમાલથી અને દાંતોની તિક્ષ્ણતાથી કાપી પછી એકઠી કરી પોતાનો માળો સજાવવા લઈ ગઈ હતી. આ સમગ્ર પ્રક્રિયા જોઈ એવું લાગ્યું જાણે એ ખિસકોલી કહી રહી હતી કે, 'કેમ તમારે એકલાને દિવાળી છે? મારે પણ દિવાળી આવી છે, મારે પણ મારું ઘર સજાવવું છે.'

# જેસીઆઈ ગાંધીનગર આઉટ સ્ટેન્ડીંગ એવોર્ડથી સન્માનિત

ગાંધીનગર, તા.૧૩

તાજેતરમાં ગાંધીનગર ખાતે ઝોન-૭પ્રમુખ જેસી ડો.ભુવન રાવલના અધ્યક્ષ સ્થાને ૨૬મી ઝોન કોન્ફરન્સ અરૂણિમ- આત્મા નયે આરંભ કી યોજાઈ હતી. જેમાં ગાંધીનગર જેસીઆઈ ડો.પરાગી ગાંધીને આઉટ સ્ટેન્ડીંગ પ્રમુખ તરીકેના એવોર્ડથી નવાજવામાં આવ્યા હતા.આ ઉપરાંત જેસીઆઈ ગાંધીનગરને ઘણાબધા સેવાકીય કાર્યોને પગલે અનેક એવોર્ડ પ્રાપ્ત થયા છે.

જેસીઆઈના પ્રમુખ ડો. પરાગી ગાંધી દ્વારા વર્ષ ૨૦૧૭માં ગાંધીનગર શહેરમાં વિવિધ ૨૦૨ જેટલા કાર્યક્રમો યોજાયા છે. વર્ષ દરમિયાન સમાજના બાળકો, યુવાનો, બહેનો અને વડીલો માટે લોકઉપયોગી અને સમાજઉપયોગી કાર્યો કરવામાં આવ્યા છે. જેમાં યુવાનોને સતત પ્રોત્સાહીત કરવા અને આગળ વધે તે માટે ૧૦૦ જેટલી વિવિધ તાલિમ નિષ્ણાંત ટ્રેનરો દ્વારા આપવામાં આવી છે. ત્યારે તાજેતરમાં ઝોન-૭ની આયોજીત ૨૬મી કોન્ફરન્સમાં મુખ્ય વકતા તરીકે સર્વેને પ્રોત્સાહન પુરુ પાડનાર પૂર્વજેસી કૃષ્ણકાંત જહા તેમજ





અન્ય મહાનુભાવો સહિત ૫૦૦થી વધુ સભ્યોની હાજરીમાં જેસીઆઈ ગાંધીનગરના ખંતીલા અને મહેનતી પ્રમુખ ડો. પરાગી ગાંધીને આઉટસ્ટેન્ડીંગ એવોર્ડથી નવાજવામાં આવ્યા હતા. આ પ્રસંગે સૌ એ તાળીઓના ગડગડાટથી વધાવી લીધા હતા. ઉપરાંત જેસીઆઈ ગાંધીનગરને અનેક રેકોર્ડબ્રેક એવોર્ડ મળ્યા છે જેમાં ગાંધીનગર ચેપ્ટર રોનક પંડયાની લીડરશીપમાં વુમન એમ્પાવરમેન્ટ માટે કામ કરતી જેસીરેટ વીંગ સૌથી વધુ ટ્રેનીંગ માટે, સૌથી વધુ જેસી સભ્યો ધરાવનાર ચેપ્ટર, વર્ષ દરમિયાન સતત ન્યુઝ પેપરમાં ચમકતુ જેસીઆઈ, પ્રેસ કવરેજ એવોર્ડ, પ્રોગામ એવોર્ડ, સહાયમ એવોર્ડ મેળવ્યા છે. જયારે અવની ગાંધી આઉટ સ્ટેન્ડીંગ લેડી જેસી એવોર્ડ પ્રાપ્ત થયો છે. ઉપરાંત કાજલ વૈષ્ણવને બાળકોના કાર્યક્રમો માટે સન્માનિત કરાયા હતા. આ પ્રસંગે પૂર્વ પ્રમુખ જશવંત ગાંધી, કુસુમ ગાંધી, નિમેષ રાવલ, રોનક પંડયા સહિતના સભ્યોનો જેસીઆઈ પ્રમુખ ડો.પરાગી ગાંધીએ આભાર વ્યકત કર્યો હતો.

# ધનતેરસે બલરામ મંદિરે રાષ્ટ્રીય આયુર્વેદ દિવસ ઉજવાશે

**પેઈન મેનેજમેન્ટ થ્રુ આયુર્વેદ વિષયે સેમિનારનું આયોજન**

ગાંધીનગર, તા.૧૩

કેન્દ્ર સરકારના આયુષ વિભાગ દ્વારા ધનતેરસનો પવિત્ર દિવસ ભગવાન ધન્વંતરિનો પ્રાગટય દિવસ હોવાથી તે દિવસને 'રાષ્ટ્રીય આયુર્વેદ દિવસ' તરીકે ઉજવવામાં આવે છે. આ વર્ષે તા. ૧૭મી ઓકટોબરે દ્વિતિય આયુર્વેદ દિવસ તરીકે ઉજવાશે. જેમાં ગાંધીનગર ખાતે સવારે ૯ કલાકે સેકટર-૧૨ના બલરામ મંદિર ખાતે 'પેઈન મેનેજમેન્ટ થ્રુ આયુર્વેદ' વિષયે સેમિનાર યોજાશે.

આયુર્વેદ એ ભારતીય સંસ્કૃતિનું પ્રાચીન ચિકિત્સા શાસ્ત્ર છે અને કેન્દ્ર સરકારના આયુષ વિભાગ દ્વારા ધનતેરસને સતત બીજા વર્ષે રાષ્ટ્રીય આયુર્વેદ દિવસ તરીકે ઉજવવામાં આવી રહ્યો છે. આ દિવસો આયોજિત 'પેઈન મેનેજમેન્ટ થ્રુ આયુર્વેદ' વિષયે સેમિનાર ઉપરાંત પતંજલિ યોગ સંસ્થા દ્વારા વૈદિક યજ્ઞ પણ યોજાશે. આ સાથે શરીરમાં કોઈ પણ અવસ્થામાં કોઈ પણ પ્રકારના દુઃખાવામાં આયુર્વેદમાં કટિબસ્તિ, જાનુબસ્તિ, અગ્નિકર્મ, શિરોધારા જેવા અનેક ઉપચારો દર્શાવાયેલા છે જે અંગે તજજ્ઞ વકતા ડૉ. પ્રજ્ઞેશ પટેલ જેઓ અખંડાનંદ આયુર્વેદ કોલેજના આસી. પ્રોફેસર છે તેઓ પ્રેઝન્ટેશન થકી માહિતી આપશે. આયુર્વેદના ઈતિહાસ વિશે પણ સેમિનારમાં માહિતી અપાશે જેનો લાભ લેવા નાગરિકોને જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# દંતાલી કેનાલમાંથી કલોલના કોઠા ગામના યુવાનનો મૃતદેહ મળ્યો

ગાંધીનગર, તા.૧૩

અડાલજ નજીક દંતાલી ગામ પાસેથી પસાર થતી નર્મદા કેનાલમાંથી આજે બપોરના અરસામાં એક યુવાનનો તરતો મૃતદેહ મળી આવતા ચકચાર મચી જવા પામી હતી. અડાલજ પોલીસે મૃતદેહ બહાર કાઢી તપાસ કરતા કલોલ તાલુકાના કોઠા ગામનો ૨૫ વર્ષીય યુવાન શૈલેષ નેનાજી ઠાકોરનો મૃતદેહ હોવાનું બહાર આવ્યું હતું. કોઈ અગમ્ય કારણોસર યુવાને કેનાલમાં ઝંપલાવીને આપઘાત કરી લીધો હોવાનું પ્રાથમિક તપાસના અંતે જાણવા મળ્યું છે. જમાદાર મુળજીભાઈ એ મૃતદેહ પી.એમ. કરાવી અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને ઉંડી તપાસ શરુ કરી છે.

# વિશ્વકર્મા કોલેજના એનએસએસ સ્વયંસેવકોનું 'દાન ઉત્સવ પર્વ'

ગાંધીનગર, તા.૧૩

સમગ્ર દેશમાં તારીખ ૨ થી ૧૨ ઓકટોબર 'દાન ઉત્સવ પર્વ-જૉય ઓફ ગિવિંગ' તરીકે ઉજવાય છે. આ ઉજવણી પાછળ છુપાયેલા સમાજ ઉપયોગી ઉદ્દેશથી પ્રેરાઈને વિશ્વકર્મા સરકારી ઈજનેરી કોલેજના પ્રિન્સિપાલ ડૉ. રાજુલ ગજ્જરે કોલેજમાં આ સપ્તાહની ઉજવણીનું આયોજન કર્યું હતું. આ ઉજવણીના ભાગરૂપે એનએસએસના સ્વયંસેવકો તારીખ ૨ ઓકટોબરથી ૧૫ ઓકટોબર સુધી આ દાન ઉત્સવની ઉજવણીમાં પોતાનું યોગદાન આપી રહ્યા છે અને દિવાળીની અનોખીરૂપે ઉજવણી કરી રહ્યા છે.

આ ઉજવણીના પ્રથમ સપ્તાહ દરમિયાન વિદ્યાર્થીઓ દ્વારા કોલેજમાંથી તથા કોલેજની આસપાસની સોસાયટીઓમાંથી કપડાં, વાસણ, રમકડાં, પગરખાં અને ઘરવપરાશમાં ઉપયોગી એવી ૩૦૦૦થી પણ વધારે વસ્તુઓ એકઠી કરવામાં આવી હતી. જેમાં કોલેજના વિદ્યાર્થીઓ, પ્રોફેસરો તથા અન્ય સોસાયટીના રહીશોનો અભૂતપૂર્વ સહયોગ પ્રાપ્ત થવા પામ્યો હતો. ત્યારબાદ બીજા સપ્તાહ દરમિયાન ભેગી કરેલ ચીજ વસ્તુઓનું કોલેજના આસપાસના વિસ્તારમાં વસવાટ કરતાં ગરીબ અને જરૂરિયાતમંદ લોકોમાં આ વસ્તુઓનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ કાર્ય વિશે એનએસએસ-વિજીઈસીના પ્રોગ્રામ ઓફિસર પ્રો. અલ્પેશ દાફડાનું કહેવું છે કે, 'વિદ્યાર્થીઓ વડે થઈ રહેલી આ પ્રવૃત્તિ સમાજના બે જૂથો વચ્ચે કડી સમાન વર્તી બંને બાજુ સંતુલન પુરું પાડવાનો પ્રયાસ કરે છે. એ સાથે બંને પક્ષોને આનંદનો અનુભવ થાય છે.'

આ સમાજ ઉપયોગી કાર્યને બિરદાવતા વિશ્વકર્મા કોલેજના પ્રિન્સીપાલ ડૉ. રાજુલ ગજ્જર જણાવે છે કે 'દર વર્ષે અમારી કોલેજના એનએસએસ સ્વયંસેવકો દિવાળી પહેલા આ શુભ કાર્ય કરીને દિવાળીની અનોખી રૂપે ઉજવણી કરે છે અને આગળ પણ આવા સમાજ ઉપયોગી કાર્યો કરતા રહેશે.'



## આઈ લવ માય ગાંધીનગર



**અશ્વિન કે વ્યાસ (કૂકર)**

**ગાંધીનગર ગમે**

મજાનું શહેરમાં વસતા સહૃદયી નાગરિકોના કારણે ગાંધીનગર ગમે છે.

**નગરજનો**

પારકાંને પોતાનાં કરીને આજીવન સંબંધ નિભાવી જાણે એવાં સ્નેહાળ નગરજનો આ નગરમાં વસે છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**

સૅ. ૨૮ જીઆઈડીસી ઍસોસિએશન, કડી સર્વ વિશ્વવિદ્યાલય, ઉદ્‌ગમ ટ્રસ્ટ, ગ્રો ફાઉન્ડેશન, જેસીઆઈ, ગ્રો ફાઉન્ડેશન, જુનિયર સિટિઝન કાઉન્સિલ, સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ તેમજ જી ઈ કલબ દ્વારા કરવામાં આવતી સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ખૂબ ગમે છે.

**નગરને બહેતર બનાવવા**

નાના-મોટા સૌ નાગરિકોનો સહૃદયી, સક્રિય સહકાર મળે તો નગરને બહેતર બનાવી શકાય.

**નગર માટે હું કરી શકું**

વ્યક્તિત્વ વિકાસની કામગીરી માટે મારી સઘળી મદદ આપવા માટે હું તૈયાર છું.

## @ગાંધીનગર

● રૂદ્રાભિષેક મંડળ ગાંધીનગર દ્વારા સિધ્ધેશ્વર મહાદેવ મંદિર વાવોલ ખાતે હોમાત્મક મહારુદ્ર યજ્ઞ સવારે ૭.૩૦ કલાકે યોજાશે.

● રેશનલ સમાજની માસિક બેઠક સાંજે ૫.૦૦ કલાકે બ્લોક નં. ૬૧/૧, ઘ ટાઈપ, સે-૨૩ ખાતે યોજાશે.

## વાતવાતમાં

● ગાંધીનગરની આરટીઓ કચેરીના આસીસ્ટન્ટ ઈન્સ્પેકટર અને વચેટિયાને રૂ.૧૦ હજારની લાંચના કેસમાં કરાયેલી ધરપકડના કેસમાં બંને આરોપીને કોર્ટે બે દિવસના રિમાન્ડ પર મોકલી આપ્યા છે. બંને આરોપીઓના રીમાન્ડ તા. ૧૬મી ઓકટોબર બપોરે ૧૨ વાગ્યા સુધી અમલી રહેશે.

● ભ્રષ્ટાચારથી ખદબદતી ગાંધીનગર આરટીઓ કચેરી પર એસીબી ટ્રેપના પગલે સન્નાટો છવાઈ જવા પામ્યો છે. શુક્રવારે આખો દિવસ આ લાંચ પ્રકરણ અને કચેરીના ભ્રષ્ટ વહીવટ અંગે કચેરીના કર્મચારીઓમાં ચર્ચાનો દૌર દિવસભર ચાલ્યો હતો.

● રાજય સરકારના માહિતી વિભાગના વર્ગ-૧, ૨ અને ૩ના કર્મચારીઓની ભરતી પ્રક્રિયા વધુ એક તબક્કામાં પહોંચી છે. શુક્રવારે આ તમામ વર્ગના ઉમેદવારોના ડોકયુમેન્ટ વેરિફિકેશનની પ્રક્રિયા યોજાઈ હતી.

## સિસિકાએ ઉજવ્યો શરદોત્સવ

ગાંધીનગર, તા.૧૩

સિનિયર સિટિઝન કાઉન્સીલ ગાંધીનગર દ્વારા તાજેતરમાં શ્રી લેઉઆ પટેલ સમાજ વાડી, સેકટર-૭ મુકામે રાત્રે ૮ થી ૧૦ કલાક દરમિયાન 'શરદોત્સવ'નો કાર્યક્રમ સંપન્ન થયો હતો. જેમાં કાઉન્સીલના ૭૦થી વધુ વડીલ ભાઈઓ-બહેનોએ પ્રાચીન તેમજ અર્વાચીન ગરબાઓ ગાયા હતા. છેલ્લે અંતાક્ષરી રમીને, દૂધપૌંઆ તેમજ બટાટાવડાનો નાસ્તો કરી કાર્યક્રમ સંપન્ન થયો હતો.

## નૂતન વર્ષનો સ્નેહમિલન કાર્યક્રમ સે-૭-ડી બગીચામાં યોજાશે

ગાંધીનગર શહેરીજન સંસ્થા સેકટર-૭-ડી તરફથી નવા વર્ષના સ્નેહમિલનનો કાર્યક્રમ તા. ૨૦ ઓકટોબરના રોજ સવારે સાડા સાત વાગે સેકટર-૭-ડીના બગીચામાં દર વર્ષની જેમ યોજાશે. જેમાં મંત્રોચ્ચાર સાથે અક્ષતથી નવા વર્ષને વધાવાશે તો સેકટર-૭-ડીના પરિવારોએ હાજર રહેવા પ્રમુખ જયંતભાઈ જી. ભટ્ટે જણાવેલ છે.

## અવસાન નોંધ

શરદચંદ્ર મોહનલાલ ઠાકરનો ગત તા. ૧૧-૧૦-૧૭ને બુધવારના રોજ સ્વર્ગવાસ થયેલ છે. સદગતનું બેસણું તા. ૧૫-૧૦-૧૭ને રવિવારના રોજ સવારે ૯ થી ૧૨ કલાક, સે-૨૩ લગ્નવાડી, સ્વામિનારાયણ મંદિર પાસે ગાંધીનગર ખાતે રાખવામાં આવેલ છે.

## ચિરવિદાય

- સ્વ. કેશાબેન ભૂપતસિંહ ઠાકોર, ઉ.વ. ૭૫
- સ્વ. ખીમજીભાઈ ગુલાબભાઈ ચાવડા, ઉ.વ. ૬૧
- સ્વ. રતિલાલ મણીલાલ ચૌહાણ, ઉ.વ. ૩૦
- સ્વ. પ્રતાપલક્ષ્મી વસંતરાય ઓઝા, ઉ.વ. ૮૪
- સ્વ. નાગરજી રામસંગજી ઠાકોર, ઉ.વ. ૩૫